## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લે આ ટેડી તારા માટે ગીફ્ટ... આ કંઇ ખાલી ગીફ્ટ નથી... તને યાદ અપાવા કે તુ હવે ટેડી જેવી જાડી થઇ ગઇ છે...!!

# રાંધેજા કૃષી વિજ્ઞાન કેન્દ્ર પાસે બાઈક ટકરાતા સાયકલ સવારનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના રાંધેજા કૃષી વિજ્ઞાન કેન્દ્ર પાસે સાયકલ બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રાંધેજા મારૂતિનંદન એવન્યું ખાતે રહેતા સિક્યુરીટી ગાર્ડને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું.

બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ઈડર પાસે વડાલીના વાસણ ગામ અને હાલ રાંધેજા મારૂતિનંદન ફ્લેટ ખાતે રહેતા યોગેન્દ્રસિંહ તખતસિંહ ચંપાવત (ઉં.૨૫) પરિવાર સાથે રહે છે. યોગેન્દ્રસિંહના પરિવારમાં બહેન, માતા-પિતા છે.જયારે પિતા તખતસિંહ કલ્યાણસિંહ ચંપાવત રાજવંશી સિક્યુરીટી સર્વિસ એન્ડ મેન પાવર (સેકટર-૨૬ દેવ કોમ્પ્લેક્ષ એફ-૧૨૪) તરફથી વાવોલ શાંતિનગર સોસાયટી ખાતે સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા.

તેઓનો નોકરીનો સમય સાંજના આઠ થી સવારના આઠ કલાક સુધીનો હતો.

જયારે યોગેન્દ્રસિંહ જીઈબી કોલોની ખાતે આવેલી યોગાનંદ શીશુ વિદ્યાલય માં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૧ જાન્યુઆરીના રોજ તેના પિતા તખતસિંહ રાંધેજા થી સાંજના સાત વાગે વાવોલ નોકરી પર જવા રવાના થયા હતા. ત્યારે રાત્રીના પોણા બાર વાગે યોગેન્દ્રસિંહના મોબાઈલ પર સાથે નોકરી કરતા મયુરભાઈનો ફોન આવ્યો હતો.

તેઓએ કહ્યું હતું કે તમારા પિતાજી આજે નોકરી પર આવ્યા નથી.જેથી મે તેમના મોબાઈલ પર ફોન કરતા કોઈ અજાણ્યા શખ્સે ફોન ઉપાડીને કહ્યું કે આ ફાન ધારક હાલમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ અસારવા ખાતે દાખલ છે અને તેમની હાલત નાજીુક છે. જેથી યોગેન્દ્રસિંહ મિત્ર વિશાલ સાથે અમદાવાદ સિવિલ પહોંચી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો તેમના પિતા સારવાર હેઠળ હતા. જયારે તેમને માથાના ભાગે અને કપાળમાં ગંભીર ઈજા પહોંચી હતી.

જયારે ગત તા.૨૬-૧-૨૩ઉના રોજ બપોરના સમયે તેના પિતા તખતસિંહનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. જયારે તેમના મૃત્યુ બાદ વાતવાતમાં જાણવા મળ્યું હતું કે રાંધેજા ગામ કૃષી વિજ્ઞાન કેન્દ્ર પાસે એક કાકા સાયકલ ઉપર જતા હતા તે સમયે કોઈ અજાણ્યા બાઈક સાથે ટકરાયા હતા. તેઓ નીચે પટકાતા શરીરે માથામાં અને કપાળના ભાગે ઈજા પહોંચતા ૧૦૮માં સારવાર માટે લઈ ગયા હતા.

# ગાંધીનગર તપોવન સર્કલ પાસે કાર ચાલકે ટક્કર મારતા બે ને ઈજા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-અમદાવાદ માર્ગ તપોવન સર્કલ પાસે ફન પોઈન્ટની સામે કાર ચાલકે પોતાની ગાડી પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. એકટીવા ચાલક ગાડી ટકરાતા નીચે પટકાતા શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર અકસ્માતની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. ચકાચક માર્ગો પર બેફામ ગતિએ ચાલકો ટ્રાફિકના નિયમની ઐસી તૈસી કરી વાહનો હંકારે છે. ત્યારે સામાન્ય નાગરીકો અકસ્માતનો ભોગ બનતા હોય છે. સાબરમતિ સીટીગોલ્ડ થિયેટરની બાજુમાં મોટેરા હરીઓમનગર ખાતે રહેતા પ્રવિણજી બળદેવજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને મેડીકલ ઈન્ટુમેન્ટનો ધંધો કરે છે.ગતરોજ બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં પ્રવિણજી તેમજ દિકરી ઈશાની અને તેમનો ભત્રીજો ધવલ જયંતી ઠાકોર સાથે એકટીવા નં.જી.જે.૦૧.વી.આર. ૨૨૨૪ લઈને મોટેરા થી સુઘડ ફોઈના ઘરે જઈ રહ્યો હતો. ત્યારે પાછળથી કાર ચાલકે ટકકર મારી અકસ્માત થયો હતો. જેમાં પ્રવિણજી ઠાકોર તેની દિકરી ઈશાની અને તેમના ભત્રીજા ધવલને શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી.જયારે અકસ્માત બાદ ચાલક કાર લઈને નાસી ગયો હતો. પ્રવિણજીના ભત્રીજાએ કારનો પીછો કર્યો હતો. પરંતુ કાર દોડીવી તે ચાલક નાસી ગયો હતો. જયારે પ્રવિણજીની દિકરી અને ભત્રીજાની સારવાર શરુ છે. જયારે બનાવ અંગે પ્રવિણજીએ ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં અશકત દર્દીઓ માટે ગોલ્ફકોર્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલમાં મળતી આરોગ્યલક્ષી સુવિધામાં તો વધારો થયો છે. પરંતુ અન્ય કોર્પોરેટકક્ષાની હોસ્પિટલમાં મળતી સેવાનો લાભ દર્દીઓને મળશે. ગાંધીનગર સિવિલમાં આવતા અશકત, અપંગ અને ગંભીર ઈજાગ્રસ્ત દર્દીને વ્હીલચેર કે સ્ટ્રેચર સિવાય ગોલ્ફ કોર્ટમાં જે તે વિભાગમાં લઈ જવામાં આવશે. ગુરુવારથી આ સેવાનો પ્રારંભ થઈ ગયો છે. અત્યાર સુધીમાં કેટલાક દર્દીઓએ ગોલ્ફ કોર્ટની સેવા મેળવી છે.



મળતી વિગત મુજબ કેનેરા બેંક દ્વારા ગોલ્ફ કોર્ટનું દાન મળ્યું છે. ત્યારે આ ગોલ્ફ કોર્ટ હોસ્પિટલમાં આવતા અશકત,વૃધ્ધ અને ગંભીર દર્દીઓને ચાલવામાં મુશ્કેલી પડે છે. તેવા દર્દીઓને આરોગ્ય સેવા અને સારવાર મેળવવા માટે આઈસીયુ, ઓપીડી, તેમજ ઈમરજન્સી સેન્ટર જેવા સ્થળોએ આવન-જાવન માટે વ્હીલચેર,સ્ટ્રેચર નો ઉપયોગ કરવો પડતો હતો. તેના સ્થાને હવે આ ગોલ્ફ કોર્ટનો ઉપયોગ કરવામાં આવશે.

આ ગોલ્ફ કોર્ટ દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થશે. ગતરોજથી દર્દીઓ માટે ગોલ્ફ કોર્ટની સેવા શરુ કરી દેવામાં આવી છે. કેટલાક અશકત અને ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓને ઓપીડી કે નવી બિલ્ડીંગ સુધી લેવા મુકવા માટે ગોલ્ફ કોર્ટનો ઉપયોગ કરવામાં આવતા દર્દીઓમાં પણ ખુશી જોવા મળી રહી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા-શહેરમાં બેવડી ઋતુને કારણે રોગચાળાની સ્થિતિ નિર્માણ થવાનો ભય સૌને લાગી રહ્યો છે.

● યુ.જી.વી.સી.એલ.નો પાવર સવારે ૯ થી ૩ દરમ્યાન બંધ રહેવાનો છે. ગાંધીનગર શહેરમાં યુ.જી.વી.સી.એલ. અને ટોરેન્ટનો પાવર સપ્લાય થાય છે.

● ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન માટેના વ્હીકલ ઓછા પડી રહ્યા હોવાથી કલેક્શનની કામગીરી સતત ખોરવાયેલી રહે છે.

● ગાંધીનગર મનપા વીજળીકરણના કામો માટે માર્ચ અંતિત જ તેને અગાઉ ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત વધુ ૩ કરોડનો ખર્ચ કરશે.

● કલોલ ટાવર ચોક વિસ્તારના ટાવરમાં મુકાયેલી ઘડિયાળ બંધ પડી છે.

● સુઘડ ગામ પાસે આવેલ અગોરા મોલના ભોંયરાના પાર્કિંગમાંથી એક્ટીવાની ચોરી થયાની ઘટના નોંધાઈ છે.

● બાયડ-દહેગામ હાઈવે પર આવતા તમામ સ્ટેન્ડ ઉપર તંત્ર સ્પીડબ્રેકર નહિ મુકે તો આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

● દહેગામ વેપારી અપહરણકાંડના બે આરોપીઓને વધુ બે દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા છે.

● દહેગામ-બાયડ હાઈવે પર આંબલીયારા પાસે બેફામ ટ્રકચાલકે રાહદારીને કચડી નાખતાં કમકમાટીભર્યુ મોત નીપજ્યુ છે.

● જિલ્લાની સરકારી કચેરીઓમાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા નહિ હોવાથી આડેધડ વાહનો પાર્ક કરવામાં આવી રહ્યા છે.

● કોલવડા ગામમાં એક શખ્સે પડોશી મહિલા પર હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.

● દહેગામના વેપારીઓએ આજે બચાવો...બચાવો..ના નારા સાથે રેલી યોજી હતી.

● જુલાઈ-૨૨ થી ડિસેમ્બર-૨૨ અંતિતના છ માસના ગાળામાં ગાંધીનગરમાં ૩૧ જેટલી ઈ.એફ.આઈ.આર. નોંધાઈ છે.

● ગાંધીનગર મનપાની આજની સામાન્ય સભામાં પાંચ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

● મનપાની સામાન્ય સભા બાદ કાઉન્સીલરોને ભોજન પીરસવામાં આવ્યુ હતુ.

● ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હોલ્થ ગાંધીનગર ખાતે રાજ્યના ગુણવત્તા સુધારણા અધિકારીઓની એક દિવસીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

● માણસા શહેર ભાજપની કારોબારી બેઠક પ્રદેશના સહ પ્રવક્તા હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં મળી હતી.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસમાંથી પિસ્ટલ સાથે મુસાફર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર થી આવી રહેલી લકઝરી બસમાંથી મુસાફરને પિસ્ટલ તેમજ કારતુસ સાથે દબોચી લીધો હતો. ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે એએસઆઈ હસમુખ સાંજાભાઈ ને બાતમી મળી હતી કે વકીલખાન સકીલખાન પઠાણ નામનો શખ્સ રાજસ્થાનના પ્રતાપગઢ ખાતેથી ગેરકાયદેસર પિસ્ટલ અને જીવતા કારતુસ સાથે અશોક ટ્રાવેલ્સની બસમાં અમદાવાદ તરફ જઈ રહ્યો છે. જેથી પોલીસે વોચ ગોઠવી સઘન તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન હિંમતનગર તરફથી આવતી બસ દેખાતા તેને ઈશારો કરી રોકી પાડી હતી. ડ્રાઈવર ધર્મેન્દ્ર નંદકિશોર પંડિત અને કંડકટર મુકેશ હીરજી ડામોર સાથે રાખી બસમાં મુસાફરોના સામાન ચકાસવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે નીચેની સીટ નં.૪ માં સવાર મુસાફરે પોતાનુ નામ વકીલખાન સકીલખાન પઠાણ હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ તેની પાસે રહેલો સામાન ચેક કરતા કપડાની નીચે સંતાડી રાખેલી દેશી હાથ બનાવટની પિસ્ટલ અને એક કારતુસ મળી આવ્યો હતો. પોલીસે આરોપી વકીલખાનની પુછતાછ કરતા તેણે જણાવ્યું કે ૪-૫ દિવસ પહેલા અમદાવાદ ખાતે એક ફાયરીંગ થયું હતું. આ ઘટના પછી ફાયરીંગ કરનાર તેના જીજાજી જીસાન મજીદભાઈ મેમણે એક વ્યકિતને આ પિસ્ટલ લઈને મોકલ્યો હતો. જે વ્યકિત મને આ પિસ્ટલ આપી ગયો હતો. આ સમગ્ર મુદ્દે ચિલોડા પોલીસ દ્વારા વકીલખાન સાહિલખાન પઠાણ અને જીસાન મજીદભાઈ મેમણ સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### "પ્રાકૃતિક કૃષિ – બાગાયતી ખેતીનું નવું આયામ" અંતર્ગત

# દેલવાડ ગામ તથા ઈસનપુર મોટા ખાતે ખેડૂતો માટે એક દિવસીય ખેડૂત તાલીમ

ગાંધીનગર, તા. ૧૦

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા "પ્રાકૃતિક કૃષિ– "બગાયતી ખેતીનું નવું આયમ" થીમ હેઠળ તા.૦૮ના રોજ સ્થળ - દશરથભાઈ સોમાભાઈ પટેલ ફાર્મ, ગામ - ઉમીયાનગર, દેલવાડ, તથા તા.૦૯ના રોજ ઈસનપુર મોટા ખાતે બાગાયતી ખેતીનું નવું આયામ થીમ અંતર્ગત બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, મિશન મદમાખી કાર્યકર્મ જેવા વિવિધ વિષયો અંગેની માહિતી ખેડૂત તાલીમ શિબિરમાં આપવામાં આવેલ. જેમાં દેલવાડ ખાતે કુલ ૩૦૬ જેટલા ખેડૂતો અને ઈસનપુર ખાતે ૧૦૨ ખેડૂતોએ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું દેલવાડ શિબીરમાં નાયબ બાગાયત નિયામકશ્રી ડૉ. ફારૂક પંજ દ્વારા સરગવાના પોષણ વિષયે માહિતીઆપવામાં આવી. સરગવો એ પોષણ માટે ચમત્કારિક છોડ છે. જેનું દરેક ના પોષણ માટે ખૂબ અગત્ય છે. ખાસ કરીને મહિલા ઓ માં હિમોગ્લોબીન ની ઉણપ જોવા મળે છે. આજના જંક ફૂડ ના જમાના માં આપણે પોષણ આપતાં શાકભાજી ફળો આરોગવા ની જગ્યા એ મેંદા વાળી વિવિધ વાનગીઓ આરોગીએ છીએ. આ વાનગીઓ થી અનેક પ્રકાર ના રોગ થતાં હોય છે. સરગવા ના પાંદડા અને ફળી નો પાવડર પણ ખૂબ ઉપયોગી છે. ડાયાબિટીસ ના દર્દીઓ માટે સુગર ને કાબુ માં રાખવા માટે પાંદડા નો પાવડર ખૂબ ઉપયોગી છે. તેની શીંગો કે ફળી નો પાવડર ઢીંચણ ના દુઃખાવા ને દૂર કરવા ખૂબ ઉપયોગી છે. તેના બીજ માંથી નીકળતા તેલ નો ઉપયોગ માલિશ માટે થઈ શકે છે. આમ, સરગવા ની ખેતી નું મહાત્મય સમજાવતા તેની ખેતી કરવા માટે પણ બાગાયત ખાતા દ્વારા સહાયની યોજના છે.

આજ પ્રકારે ગૌણ ફળ પાકો બોર, જાંબુ, ફાલસા, ફણસ, કોઠા, બીલા, વિગેરે ફળ પાકો ની ખેતી માટે પણ ખેડૂતો ખાસ સમજણ આપવામાં આવી. આ પ્રોગ્રામ નું આયોજન નાયબ બાગાયત નિયામકશ્રી ડૉ. ફારૂક પંજ સાહેબના માર્ગદર્શન હેઠળ બાગાયત અધિકારીશ્રી, જીલ્લા કક્ષા, ડૉ. પ્રિયંકા પ્રજાપતિ અને મદમાખી કન્સલટેન્ટ, શ્રી ગણપતસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવેલ.જ્યારે ઈસનપુર મોટા ખાતે કાર્યક્રમમાં બાગાયત ખાતાના, આત્મા કચેરી સે-૧૫ ના, અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહી માહિતી પુરી પાડી હતી.

# જે.એમ. ચૌધરીમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

તારીખ ૧૦-૨-૨૩ના રોજ જે.એમ. ચૌ. પ્રાથમિક વિદ્યાલયમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ધો. ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર વોર્ડ નં. ૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઈ દાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપ્યુ હતુ. સે. ૨ના મેડિકલ ઓફિસર પૂજાબેન અને તેમની ટીમ હાજર રહી હતી. જેમાં ડૉ. પૂજાબેને કૃમિ વિશે બાળકોને વક્તવ્ય આપી માહિતગાર કર્યા હતા. શાળાના આચાર્ય અંજનાબેનના સહકારથી સમગ્ર કાર્યક્રમનું આયોજન વિજ્ઞાન શિક્ષક ચૌધરી ક્રિષ્ણાબેન અને પટેલ ગીતાબેને કર્યુ હતુ.



## આજે સેક્ટર-૨-બી ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૧૦

કળયુગના હાજરા હજુર દેવ હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતો દિવ્ય અને ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન મનોરથી દિવ્યાંગ વાસુદેવભાઈ રાવલ પ્લોટ નં. ૧૪૫૧/૨, સેક્ટર-૨-બી, ગાંધીનગર ખાતે તા. ૧૧-૨-૨૩, શનિવાર સમય રાત્રે ૭ કલાકે વક્તા ભારતીબાપુની વ્યાસપીઠે યોજાશે. તો સૌ નગરજનોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે.




તારીખ ૧૦/૦૨/૨૦૨૩ ને શુક્રવારના રોજ નવા કોબા પગાર કેન્દ્ર શાળામાં રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગ તરફથી બાળકોને કૃમિનાશક ટેબલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના દંડક શ્રી તેજલબેન નાયી, કોબા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ધ્વનિબેન તથા નવા કોબા પગાર કેન્દ્રના આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ તેમજ શાળાના શિક્ષકો જોડાયા હતા શાળાના તમામ બાળકોને કૃમિનાશક દવા આપવામાં આવી. તેમજ કૃમિથી થતા ગેરફાયદા અને ટેબલેટ્સ ના ફાયદા ની વિગતવાર માહિતી આપવામાં આવી. કુપોષણ મુક્ત ભારત અભિયાન અંતર્ગત સશક્ત બાળક થકી સશક્ત ભારત નિર્માણ નું આહવાન દંડક તેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# દંઢાવ્ય છાઇછઠ પ્રજાપતિ સમાજ, આંબલિયાસણ દ્વારા ૩૨મો સમૂહલગ્ન મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૦

દંઢાવ્ય છાઇછઠ પ્રજાપતિ સમાજ, આંબલિયાસણ દ્વારા આંબલિયાસણ મુકામે તા. ૫-૨-૨૩ને રવિવારે ૩૨મો વાયબ્રન્ટ મંગલ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ૧૧ નવયુગલોના સુખી દાંપત્યજીવનની મહંત મોહનદાસ મહારાજના આર્શીવચનથી શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ જમનાપુરના કનુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, ઉદ્ઘાટક જોરણંગના પ્રવિણભાઈ મગનભાઈ પ્રજાપતિ તથા વિશિષ્ઠ સન્માનિત મહાનુભાવોમાં મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય જયંતિભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર મહાસંઘના અધ્યક્ષ મનહરભાઈ ઓઝા, સુરત ઉત્તર ગુજરાત પ્રજાપતિ સમાજના પ્રમુખ કાન્તિભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંપૂર્ણ ભોજનદાતા ધોળાસણના ડૉ. કેશવલાલ શીવરામ પરિવારના પુત્રો હર્ષદભાઈ, મહેશભાઈ તથા રાજુભાઈએ મહારપ્રસાદ માટે સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત સમાજના દાતાઓ દ્વારા આર્થિક સહોયગ અને નવયુગલોને શુકનવંતી ભેટો સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર મંગલ સમૂહગલગ્ન મહોત્સવમાં મહામંત્રી ભીખાભાઈ પ્રજાપતિ, હાડવી અને સમૂહલગ્નના કન્વીનર રણછોડભાઈ પ્રજાપતિ, ખાટાઆંબા તથા સર્વે હોદ્દેદારો, પૂર્વ પ્રમુખો અને કારોબારી મિત્રોએ આ પ્રસંગમાં ભારે જહેમત ઉઠાવી હતી.

# માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનની મુલાકાત લેતા મંત્રી જગદીશ વિશ્વકર્મા



ગાંધીનગર,તા.૧૦

ગુજરાતની હસ્તકલા કારીગરી રાજ્યની સાંસ્કૃતિક ઓળખ રહી છે. આ કારીગરીને આધારે બનતી વસ્તુઓમાંથી ગામડામાં વસતા વિવિધ કારીગરો પોતાનું આર્થિક ઉપાર્જન મેળવે છે. ગુજરાતની વિકાસલક્ષી સરકાર રાજ્યના આ કારીગરોને માન, સન્માન અને ધનમળે તે માટે તાલીમની સાથે આર્થિક સહાય પણ આપે છે. ગુજરાત સરકારની સંસ્થા ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન વિવિધ પ્રવૃતિઓ થકી રાજ્યના લાખો કારીગરોને પથ પૂરો પાડી રહી છે. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય કુટીર અને ગ્રામોદ્યોગમાં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજીને ચકાસીને તેના આધારે સમૂચિત ટેકનોલોજી વિકસાવી તેનો કારીગર સમૂહ ઉપયોગ કરતાં થાય તે માટે ટેકનોલોજીનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે. આજે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન ખાતે લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગના રાજયકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. સંસ્થાના નિયામકશ્રી જે. એચ. રાવલ દ્વારા મંત્રીશ્રીનું સુતરની આંટી પહેરાવીને તથા મડવર્કની ફ્રેમ આપીને પરિસરમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ સંસ્થામાં ચાલતા વિવિધ તાલીમ વર્કશોપમાં જાત નિરીક્ષણ કરીને તેને કઈ રીતે વ્યાપક ધોરણે લઈ જઈ શકાય તે માટે સલાહ સૂચનો કર્યા હતા.